## બોલો કોઝવે જોવા માટે પણ પડાપડી



■ છેલ્લા કેટલાક દિવસથી ઉપરવાસમાં થઇ રહેલા ભારે વરસાદના કારણે કોઝવે ઓવરફ્લો થઇ ગયો છે. તેને જોવા માટે લોકો એટલી સંખ્યામાં ઉમટી રહ્યાં છે કે ગાડી મૂકવાની પણ જગ્યા નથી. **(તસવીર : સતીષ જાદવ)**

# ગોપીપુરામાં પરિવાર ઉંઘતો રહ્યો અને 23 લાખની ચોરી

**બારીમાંથી** ઘૂસી બેંકમાંથી છોડાવેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ચોરાઇ

સુરતઃ ગોપીપુરા વિસ્તારના મકાનને નિશાન બનાવી તસ્કરો રૂ. ૨૨.૯૫ લાખની મત્તાના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા છે. ગોપીપુરાના કાયસ્થ મહોલ્લામાં આવેલા મિલન એપાર્ટમેન્ટના પ્રથમ માળે રહેતા અને મહિધરપુરા હીરાબજાર ખાતે 'ગોલ્ડ સ્મિથ' નામે સોના-ચાંદીના દાગીના બનાવવાનું મજૂરીકામ કરતા સંજીબ તપન સામુઈ (ઉ.વ. ૪૩, મૂળ રહે. પશ્ચિમ બંગાળ) પોતાના પરિવાર સાથે રહે છે.

તેઓએ પોતાની પત્નીના સોનાના ઘરેણાં પર બેંક ઓફ બરોડા (અંબાજી રોડ બ્રાંચ)માંથી ગોલ્ડ લોન લીધી હતી. જે લોન ચુકવીને ગત જૂન અને જુલાઈ-૨૦૨૬માં જ તમામ સોનાના દાગીના ઘરે પરત લાવ્યા હતા અને કબાટમાં રાખ્યા હતા.ગત તા. ૩૧/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે તેઓ કામ પરથી ઘરે આવ્યા બાદ રાત્રિના એક વાગ્યાના સુમારે સમગ્ર પરિવાર સુઈ ગયો હતો. ત્યારબાદ તા. ૦૧/૦૮/૨૦૨૬ના રોજ સવારે સાત વાગ્યે સંજીબભાઈ જાગ્યા ત્યારે તકિયા પાસે રાખેલો મોબાઈલ ગાયબ હતો. તપાસ કરતા મોબાઈલ બીજા રૂમમાં પડ્યો હતો અને ત્યાં રાખેલો કબાટ ખુલ્લો હતો. કબાટમાં તપાસ કરતા અંદર રાખેલા ૨૨.૯૫ લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીના (બંગડીઓ, સેટ, ચેઈન, પેન્ડન્ટ, ઝુમકા, બુટીઓ, વીંટીઓ, બ્રેસલેટ, નેકલેસ, મંગળસૂત્ર અને સોનાનો દીવો વગેરે), ચાંદીની જ્વેલરી તથા રૂ. ૧.૫૦ લાખની રોકડ ગાયબ જણાઈ હતી.ઘરમાં વધુ તપાસ કરતા ઘરનો મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો પરંતુ ગેલેરીમાં લગાવેલી ગ્રીલની બારી ખુલ્લી હોવાથી ચોર ત્યાંથી આવ્યો હોવાની શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પ્રકારની ચોરી અલગ જ પ્રકારની લાગી રહી છે.

### યોગીચોક ખાતે આવેલી ક્રિવા હોસ્પિટલમાં

# પ્રસૂતિ બાદ મહિલાનું મોત થતા તબીબી બેદરકારીનો આક્ષેપ

**સિઝેરિયન** બાદ અતિશય લોહી વહી જતાં સ્મીમેરમાં ખસેડાઈ

**નવજાત** બાળકી અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ, પોલીસે તપાસ શરૂ કરી



સુરતઃ યોગી ચોક ખાતે આવેલી ક્રિવા હોસ્પિટલમાં પ્રસૂતિ બાદ તબીબી બેદરકારીના આક્ષેપ વચ્ચે પુણાગામની 30 વર્ષીય મહિલાનું મોત થયું હતું. પરિવારના આક્ષેપ મુજબ, સિઝેરિયન ઓપરેશન બાદ અતિશય લોહી વહી જતાં મહિલાની સ્થિતિ ગંભીર બની હતી. ત્યારબાદ તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

### 'PPH જેવી ગંભીર સ્થિતિમાં હાયર સેન્ટરની જરૂર પડે'

ક્રિવા હોસ્પિટલના ડો. તરુણ તેજાણીએ જણાવ્યું હતું કે, પ્રસૂતિ બાદ મહિલાને PPH (Postpartum Hemorrhage) એટલે કે અતિશય રક્તસ્ત્રાવની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. આવી પરિસ્થિતિમાં દર્દીને ગર્ભાશયનું ઓપરેશન કરવાની જરૂર પડી શકે છે તેમજ સતત બ્લડ ટ્રાન્સફ્યુઝન અને બ્લડ બેન્ક સહિતની હાયર સેન્ટરની સુવિધાઓ જરૂરી બનતી હોય છે. તેથી દર્દીના હિતમાં વધુ સારવાર માટે તેને હાયર સેન્ટર ખાતે રીફર કરવામાં આવી હતી. હું પોતે જ દર્દીને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઇ ગયો હતો. હું સાથે હાજર ત્યાં હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના આઝમગઢના વતની અને હાલમાં પુણાગામ કૈલાશનગરમાં રહેતા નિલેશ યાદવની પત્ની નિર્જલા (ઉ.વ.30)ને શનિવારે સાંજે આશરે 6:30 વાગ્યે પ્રસૂતિ પીડા ઉપડતા તેને યોગી ચોક સ્થિત ક્રિવા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

પરિવારના જણાવ્યા મુજબ, હોસ્પિટલના તબીબે તપાસ દરમિયાન બાળકના હૃદયના ધબકારા ઓછા હોવાનું જણાવી તાત્કાલિક સિઝેરિયન કરવાની સલાહ આપી હતી. રાત્રે આશરે 9:15 વાગ્યે સિઝેરિયન દ્વારા બાળકીને જન્મ અપાયો હતો. જોકે, ઓપરેશન બાદ નિર્જલાનું બ્લીડિંગ બંધ ન થતાં તેની તબિયત વધુ બગડી હતી. હોસ્પિટલમાં જરૂરી સારવાર અને સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાનું જણાવી નિર્જલાને 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ રીફર કરવામાં આવી હતી. જોકે, ત્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. બીજી તરફ નવજાત બાળકી હાલ અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

મૃતકના પતિ નિલેશ યાદવે તબીબ સામે ગંભીર બેદરકારીના આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સમયસર યોગ્ય સારવાર આપવામાં આવી હોત તો તેમની પત્નીનો જીવ બચી શક્યો હોત. તેમણે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ બનાવ અંગે સરથાણા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

# ઝાંપાબજારમાં મકાનનો ભાગ ધડાકાભેર ધરાશાયી

**મોડી** રાત્રે ખરાદી મહોલ્લામાં બનેલી ઘટનાથી દોડધામ મચી

**સદનસીબે** મકાન ખાલી હોવાથી જાનહાનિ ટળી ગઈ



સુરત : શનિવારે મોડી રાત્રે ઝાંપા બજાર વિસ્તારમાં આવેલ ખરાદી મહોલ્લામાં ગ્રાઉન્ડ પ્લસ એક માળના એક જર્જરિત મકાનનો પાછળનો ભાગ અચાનક ધડાકાભેર ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં ઘાંચીશેરી ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. સબ ફાયર ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું કે, રાત્રે અંદાજે 12:40 કલાકે ફાયર કંટ્રોલ રૂમને કોલ મળ્યો હતો કે ઝાંપા બજારની ખરાદી શેરીમાં આવેલા મકાન નંબર 4-3770નો એક ભાગ તૂટી પડ્યો છે. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ જરૂરી સાધનો સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ મકાન વંસતલાલ કાપડિયાનું છે અને વર્ષોથી જર્જરિત હાલતમાં હોવાથી તેમાં હાલમાં કોઈ રહેતું નહોતું.

# હોર્ન વગાડવાની સામાન્ય બાબતે વરાછામાં ધીંગાણું

**બંને** પક્ષે ફરિયાદ નોંધાતાં પોલીસે આઠ ઇસમોની ધરપકડ કરી

સુરત : વરાછા મારુતિ ચોક નજીક આવેલી સિદ્ધિપાર્ક સોસાયટી પાસે સિલાઈ અને હોટફિક્સ ખાતામાં કામ કરતા કારીગરોના બે જૂથો હોર્ન વગાડવા જેવી નજીવી બાબતે સામસામે આવી જતાં લોખંડના પાઈપ, હથોડી, કાતર અને પક્કડ વડે હુમલા થયા હતા. ઘટનામાં બંને પક્ષના પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. બંને પક્ષે વરાછા પોલીસ મથકે સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી બંને પક્ષોના આઠ ઈસમોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, બિહારના વતની અને સિદ્ધિપાર્ક સોસાયટીમાં સિલાઈ કામ કરતા આઝાદઅલી નુરમહોમ્મદ મીયાં (ઉ.વ. ૧૯) શેઠ પારસ હિંગુની એક્ટિવા લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે વાહનમાં ખામી હોવાથી તેમણે હોર્ન વગાડ્યો હતો. તે સમયે સોસાયટીના ગેટ પાસે ઉભેલા હોટફિક્સ ખાતાના કારીગર હર્ષિત રામજીભાઈ ડાંભલીયાએ હોર્ન વગાડવા મુદ્દે ટકોર કરતાં બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. આઝાદઅલીએ પોતાના શેઠ પારસ હિંગુ તેમજ અન્ય કારીગરોને બોલાવ્યા હતા, જ્યારે હર્ષિત સાથે તેના મિત્રો લખન સાવધરીયા, બાવચંદ કરમટા અને મિહિર લોઢીયા પણ આવી પહોંચ્યા હતા. શરૂઆતમાં ઢીક્કામુક્કી થયેલી તકરાર બાદ બંને પક્ષે એકબીજા પર હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આઝાદઅલીની ફરિયાદ મુજબ, હર્ષિતે લોખંડના પાઈપથી હુમલો કરી તેના ડાબા હાથના પંજામાં ગંભીર ઈજા પહોંચાડી હતી. બીજી તરફ હર્ષિતે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે આઝાદઅલીએ હથોડી વડે તેના માથા અને ખભા પર તેમજ કાતર વડે હાથ પર ઘા કર્યા હતા.

ઉપરાંત પારસ હિંગુએ પક્કડ વડે લખન અને મિહિરના માથામાં ફટકા મારી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આઝાદઅલીને સ્મીમેર હોસ્પિટલમાં પંજામાં ટાંકા લેવાયા હતા, જ્યારે હર્ષિતને સદવિચાર ટ્રસ્ટ જનરલ હોસ્પિટલમાં માથાની ઈજાને કારણે ટાંકા લેવા પડ્યા હતા. બનાવ અંગે વરાછા પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની સંબંધિત કલમો હેઠળ સામસામે ગુનો નોંધી બંને પક્ષના આઠ ઈસમોની ધરપકડ કરી છે.

## લસકાણામાં માનસિક બીમારીથી પીડિત યુવકનો આપઘાત

સુરતઃ લસકાણામાં માનસિક બીમારીથી પીડિત યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૃતક યુવકે અગાઉ પણ બીજા માળેથી પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

લસકાણા ખાતે મનીષ રમેશભાઈ સાંચપરા (30 વર્ષ)એ માનસિક બીમારીથી પીડાતો હતો. જેની દવા પણ ચાલુ હતી. શનિવારે સાંજે મનીષે ઘરમાં લોખંડની એંગલ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ પરિવારજનોને થતા જ તેને ફાંસો ખાધેલી હાલતમાં નીચે ઉતારી દવાખાને ખસેડ્યો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# સુરતમાં લાખો કિલો કચરો સાફ કર્યો હોવાનો પાલિકાનો દાવો

**વરસાદ** બાદ મનપાની સઘન સફાઈ અને આરોગ્યલક્ષી ઝુંબેશ:

સુરત : ભારે વરસાદ બાદ શહેરમાં રોગચાળો ફેલાય નહીં અને નાગરિકોને સ્વચ્છ વાતાવરણ મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરી તેજ બનાવવામાં આવી છે. તા.31 જુલાઈથી અત્યાર સુધીમાં મનપાએ 6,99,090 કિલોગ્રામ ઘન કચરાનો નિકાલ કર્યો છે. રવિવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જ 6,105 સફાઈ કર્મચારીઓ અને 192થી વધુ વાહનો-મશીનરીની મદદથી 1,11,600 કિલોગ્રામ કચરો દૂર કરાયો હતો. વરસાદગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ માટે આઠ રાહત કેન્દ્રોમાં મેડિકલ ટીમો તૈનાત કરાઈ હતી. અહીં 747 લોકોની તપાસ કરવામાં આવી હતી, જ્યારે 51 લોકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. રોગચાળા સામેની કામગીરીમાં 19 રેપિડ રિસ્પોન્સ ટીમો અને 760થી વધુ આરોગ્ય કર્મચારીઓએ એક જ દિવસમાં 1,08,144 ઘરોના 3,91,981 લોકોનું આરોગ્ય સર્વેલન્સ કર્યું હતું.

# ખાડીપૂરથી ત્રસ્ત લોકોએ લિંબાયત અને ઉધનાના અધિકારીઓને ખંખેર્યા

**સતત** પૂર અને વહીવટી બેદરકારીથી કંટાળેલા સ્થાનિકોમાં હવે ભારે અસંતોષ

### માધવબાગ વિસ્તારમાં લોખંડનો બ્રિજ વાહનોનો તારણહાર બન્યો

સતત ત્રીજી વખત ખાડી પુર અને છેલ્લા બે દિવસથી વરસાદ બંધ હોવા છતા લિંબાયતના માધવબાગ વિસ્તારમાં હજુ પણ પાણી ઉતરવાનું નામ લેતા નથી. આ વિસ્તારમાં ચાર ફૂટથી લઇને છ ફૂટ સુધી પાણી ભરાયા હતા એટલે અનેક વાહનોને મોટુ નુકસાન થયું છે જો કે અમુક સ્થાનિકોએ સમયસુચકતા વાપરીને માધવબાગ સોસાયટી માટે બનેલા લોંખડના પુલનો નવો ઉપયોગ શરૂ કરી દીધો છે. આસપાસના લોકો પાણી આવવા માંડે ત્યારે પોતાની બાઇક આ બ્રિજ પર પાર્ક કરવા માંડયા છે. આ વખતે છેલ્લે એક અઠવાડીયાથી આ બ્રિજ બાઇકોનું પાર્કીંગ સ્થાન બની ગયા જેવી હાલત છે.

સુરત : ખાડીકાંઠાના વિસ્તારોમાં વારંવાર સર્જાતી પૂર જેવી સ્થિતિથી અસરગ્રસ્તોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ઉધના ઝોન અને પરવટ પાટિયા વિસ્તારના સ્થાનિકોના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, જેમાં લોકો મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ અને સમગ્ર તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરતા જોવા મળે છે.

ઉધના ઝોન વિસ્તારમાં ખાડીની સફાઈ અને પાણીના યોગ્ય નિકાલના મુદ્દે સ્થાનિકો અને મનપાના અધિકારીઓ આમને-સામને આવી ગયા હતા. રોષે ભરાયેલા રહીશોએ વર્ષોથી એકસરખી સ્થિતિ સર્જાતી હોવા છતાં કાયમી ઉકેલ ન લાવવાનો આક્ષેપ કરી અધિકારીઓને આડેહાથ લીધા હતા. બંને પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી.

આવી જ સ્થિતિ પરવટ પાટિયા વિસ્તારમાં પણ જોવા મળી હતી, જ્યાં પાણી ભરાવા અને ગંદકીથી ત્રાહિમામ પોકારી રહેલા લોકોએ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. સતત પૂર અને વહીવટી બેદરકારીથી કંટાળેલા સ્થાનિકોમાં હવે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

# રેલવે ગરનાળાથી ફૂલમાર્કેટ સુધી કચરાના ઢગલાથી લોકોને હાલાકી

**વાયુ** પ્રદૂષણ અને રોગચાળાનું જોખમ વધ્યું

**મહાનગરપાલિકાના** સફાઈના પોકળ દાવા વચ્ચે સ્થાનિકોમાં ભારે રોષ



સુરતઃ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સફાઈના મોટા-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઇક જુદો જ ચિતાર રજૂ કરે છે. રેલવે ગરનાળાથી લઈને ફૂલ માર્કેટ સુધીના સમગ્ર વિસ્તારમાં અનેક સ્થળોએ કચરાના મોટો ઢગલા જોવા મળી રહ્યા છે, જેના કારણે મનપાની સફાઈ કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે લાખો રૂપિયાનો વેરો વસૂલવામાં આવે છે, સ્વચ્છતામાં એવોર્ડ લાવે છે પરંતુ આ વિસ્તારમાં સફાઈ વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. મનપાનો સ્ટાફ મોટી સંખ્યામાં આવે છે પરંતુ કામને બદલે દેખાડો વધુ થતો હોય તેવુ લાગે છે. કચરાના ઢગ વધતાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે.

### વરસતા વરસાદ વચ્ચે ત્રણ ત્રણ દિવસથી કચરાના ઢગલાથી રોગચાળાનો ભય : નરેન્દ્ર ભાઇ



સ્થાનિક રહીશ નરેન્દ્ર ભાઇએ રોષ વ્યકત કરતા જણાવ્યું હતુ કે, જાહેર રસ્તાઓ પર પડેલા કચરાના આટલા મોટા ઢગલા મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ કે સફાઈ કર્મચારીઓને કેમ દેખાતા નથી? મનપાનો સ્ટાફ આવે છે તેમાં જરૂર કરતા વધુ લોકો હોય છે પણ સફાઇ થતી નથી. આ કચરો સળગાવી દેવાય છે. કોણ સળગાવે છે તે ખબર નથી છેલ્લા અઢી ત્રણ દિવસથી આ ઢગલા પડયા છે. તંત્ર જો જાગૃતિ માટે નિકળે તો હુ સાથે જવા તૈયાર છું.

# બસ સ્ટેશન પરથી રૂપિયા ૪.૯૫ લાખના ગાંજા સાથે એક ઝડપાયો

**મહિધરપુરા** પોલીસે ૯.૯૦૫ કિલો ગાંજો અને મોબાઈલ મળી કુલ ૫.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરત : મહિધરપુરા પોલીસે રૂપિયા ૪.૯૫ લાખની કિંમતના ૯.૯૦૫ કિલોગ્રામ ગાંજા સાથે એક ઓડિશાના યુવકની ધરપકડ કરી છે.

ઉચ્ચ પોલીસ અક્ષિકારીઓની સૂચનાથી મહિધરપુરા પોલીસ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પી.એસ.આઈ. ડી.કે. બોરાણા અને હેડ કોન્સ્ટેબલ વિપુલકુમાર પ્રભુભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે એક ઈસમ માદક પદાર્થનો જથ્થો લઈને આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે સુરત સીટી બસ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૩ પર પતરાના શેડ નીચે દરોડો પાડી સિમાંચલ સંતોષ ગૌડા (ઉં.વ. ૨૬, રહે. ગામ લક્ષ્મીનૃસીંગપુર, જી. ગંજામ, ઓડિશા)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસે રહેલા પ્લાસ્ટિકના કોથળાની તલાશી લેતાં તેમાંથી ૯.૯૦૫ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૪,૯૫,૨૫૦ ની કિંમતનો ગાંજો, રૂપિયા ૮૦૦ રોકડા, રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ, રેલ્વે ટિકિટ, આધારકાર્ડ, એન્ટીક સામાન તથા પ્લાસ્ટિકની ડોલ અને હાંડી મળીને કુલ રૂપિયા ૫,૦૬,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે મહિધરપુરા પોલીસે NDPS એક્ટની કલમ મુજબ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો ઓડિશાના ખાંડાદળી ગામના સાગર સ્વાંઈ તથા મીટ્ટુ સ્વાંઈ નામના વ્યક્તિઓએ મોકલ્યો હોવાનું બહાર આવતાં પોલીસે આ બંને ઈસમોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતના હીરા ઉદ્યોગ સામે નવો પડકાર ઊભો થયો

**અમેરિકામાં** EUના પોલીશ્ડ ડાયમંડ માટે ઇમ્પોર્ટ ડ્યૂટી નહીં લાગે

**ભારતમાં** કટ-પોલિશ થયેલા હીરા પર રાહત નહીં મળતાં નિકાસકારોમાં ચિંતા

સુરતઃ અમેરિકાએ યુરોપિયન યુનિયન (EU)માં કટ અને પોલિશ થયેલા કુદરતી હીરાઓ પર ફરીથી 0 ટકા આયાત શુલ્ક લાગુ કરવાનો નિર્ણય લેતાં ભારતના હીરા ઉદ્યોગ માટે નવા પડકારો ઊભા થયા છે. એન્ટવર્પ વર્લ્ડ ડાયમંડ સેન્ટર (AWDC) દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત મુજબ હવે યુરોપિયન યુનિયનમાં કટ અને પોલિશ થયેલા કુદરતી હીરાઓ અમેરિકામાં કોઈપણ આયાત શુલ્ક વિના પ્રવેશી શકશે. આ નિર્ણયથી ખાસ કરીને બેલ્જિયમના એન્ટવર્પ સ્થિત હીરા વેપાર કેન્દ્રને અમેરિકન બજારમાં વધુ સ્પર્ધાત્મક લાભ મળશે.

બીજી તરફ, આ શુલ્કમુક્તિનો લાભ ભારતને મળતો નથી. ભારતમાં કટ અને પોલિશ થયેલા કુદરતી હીરાઓ પર હાલની જ શુલ્ક વ્યવસ્થા યથાવત્ રહેશે. જેના કારણે અમેરિકન બજારમાં ભારતીય હીરા નિકાસકારોને યુરોપિયન સ્પર્ધકો સામે વધુ કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે.

અમેરિકા ભારતના રત્ન અને જ્વેલરી ઉદ્યોગ માટે સૌથી મોટાં અને મહત્વપૂર્ણ નિકાસ બજારોમાંનું એક છે. ખાસ કરીને સુરત વિશ્વનું સૌથી મોટું હીરા કટિંગ અને પોલિશિંગ હબ હોવાથી અહીંના હજારો હીરા એકમો અને લાખો કારીગરોની રોજગારી અમેરિકન બજારની માંગ પર નોંધપાત્ર રીતે નિર્ભર છે. આવા સમયે અમેરિકાના આ નિર્ણયની સીધી અસર સુરતના હીરા ઉદ્યોગ પર પણ પડી શકે છે.

ઉદ્યોગજગતના મતે જો યુરોપિયન યુનિયનના હીરાઓને અમેરિકામાં શૂન્ય આયાત શુલ્કનો લાભ મળશે અને ભારતીય હીરાઓ પર શુલ્ક યથાવત્ રહેશે તો કિંમતની દૃષ્ટિએ ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે.

આ મુદ્દે ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે ભારત સરકાર અને સંબંધિત ઉદ્યોગ સંગઠનોએ અમેરિકા સાથે અનુકૂળ વેપાર વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક નીતિગત પ્રયાસો હાથ ધરવા જોઈએ.

### સુરત ક્રાઈમ બ્રાંચનું ફિલ્મી ઓપરેશન: નાગપુરમાં ૪૦ કિમી પીછો કરી

# ૬ વર્ષથી ફરાર આજીવનકેદનો આરોપી નાગપુરમાંથી ઝડપાયો

**પેરોલ** જમ્પ કરી નાગપુરમા પાણીપુરીની લારી ચાલુ કરી દીધી હતી

સુરતઃ ક્રાઈમ બ્રાંચની ટીમે એક અત્યંત રોમાંચક અને સાહસિક ઓપરેશન પાર પાડીને પાંડેસરા વિસ્તારમાં ૨૦૦૮માં થયેલા ચર્ચિત મર્ડર કેસમાં આજીવન કેદની સજા પામેલા અને છેલ્લા ૬ વર્ષથી લાજપોર જેલમાંથી ફર્લો રજા પરથી ફરાર માથાભારે કિલર રાકેશ ઉર્ફે જાલિમસિંગને મહારાષ્ટ્રના નાગપુર ખાતેથી ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચની ટીમે મોટરસાઈકલ પર ૩૫ થી ૪૦ કિલોમીટર સુધી જીવના જોખમે પીછો કરીને આ રીઢા ગુનેગારને દબોચી લીધો હતો.

વર્ષ ૨૦૦૮માં પાંડેસરા મરાઠાનગર ખાતે શંકરદાદા નામના ઈસમ સાથે ઝઘડો થતાં તેને માથામાં તેમજ આખા શરીરે લાકડાના ફટકા મારી મર્ડર કરી દેવાયું હતું. આ ગુનામાં આરોપી રાકેશ ઉર્ફે જાલિમસિંગ નથ્થુ શાહુ (ઉ.વ. ૪૩, મૂળ રહે. ચિત્રકૂટ, યુ.પી.)ને સેશન્સ કોર્ટે તા. ૧૦/૦૭/૨૦૦૯ના રોજ આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ તે લાજપોર મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહ્યો હતો. દરમિયાન તા. ૧૧/૦૮/૨૦૨૧ના રોજ ૧૪ દિવસની ફર્લો રજા પર બહાર આવ્યા બાદ તે સમયસર જેલમાં હાજર ન થઈ ફરાર થઈ ગયો હતો.છેલ્લા એક વર્ષથી સુરત ક્રાઈમ બ્રાંચની ટીમ તેના વતન ઉત્તરપ્રદેશમાં બાતમીદારો મારફતે વોચ રાખી રહી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી વતનમાં જતો નથી પરંતુ મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં ક્યાંક સ્થાયી થઈને પાણીપુરીનો ઠેલો ચલાવે છે. છેલ્લા છ મહિનાથી ક્રાઈમ બ્રાંચની ટીમે નાગપુરમાં વિગતો એકત્ર કરી હતી, જેમાં સક્કરદરા પો.સ્ટે. વિસ્તારમાં શીતળા માતાના મંદિર પાસે જાલીમસિંગ પાણીપુરી વેચતો હોવાનું સામે આવ્યું હતું.ક્રાઈમ બ્રાંચની ટીમે ત્યાં પહોંચી બે દિવસ સતત વોચ ગોઠવી હતી. દરમિયાન પોલીસને જોઈ જતાં જ શંકા જતાં આરોપી બાઈક પર હાઈવે તરફ ભાગ્યો હતો. ક્રાઈમ બ્રાંચે પણ બાઈક પર ૩૫ થી ૪૦ કિલોમીટર સુધી તેનો પીછો કરી આખરે તેને આરાધના નગર, દિગોરી પાસે ઝડપી પાડ્યો હતો. આરોપી નાની-નાની વાતોમાં મારઝૂડ કરતો હોવાથી તેનું નામ 'જાલિમસિંગ' પડ્યું હતું. પોલીસે તેને પકડી કાયદેસરની કાર્યવાહી કરી લાજપોર જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.

# ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવી ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ

**નારી** સંરક્ષણ ગૃહ મોકલાયેલી કિશોરીનું મેડિકલ ચેકઅપ કરાવતા ગર્ભવતી હોવાનો ખુલાસો

સુરત : ઈન્સ્ટાગ્રામ પર દોસ્તી કર્યા બાદ લિંબાયતમાં રહેતા મહારાષ્ટ્રીયન પરિવારની ૧૩ વર્ષની કિશોરી સાથે અવારનવાર શારીરિક સંબંધો બાંધી તેને ગર્ભવતી બનાવી દેનાર પંચમહાલના યુવક સામે લિંબાયત પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

લિંબાયત વિસ્તારમાં રહેતા એક મહારાષ્ટ્રીયન પરિવારની ૧૩ વર્ષની સગીર પુત્રી આશરે એક વર્ષ પહેલાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ મારફતે પંચમહાલના મીરાપુર ખાતે રહેતા ૨૦ વર્ષીય સુરેશ લિંબાભાઈ ખાંટના સંપર્કમાં આવી હતી. સુરેશે સગીરા સાથે મિત્રતા કેળવ્યા બાદ તેને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ તારીખ ૧૫ મે ૨૦૨૬ થી ૭ જૂન ૨૦૨૬ દરમિયાન સુરેશે કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી તેને પોતાની સાથે લઈ જઈ અવારનવાર જબરદસ્તી શારીરિક સંબંધો બાંધ્યા હતા.

નરાધમ સુરેશ ખાંટે સગીરા સાથે જબરદસ્તીથી શારીરિક સંબંધ બાંધ્યા બાદ જો આ વાતની જાણ તું કોઈને કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. બીજી તરફ, કિશોરી અને યુવકની અવારનવાર મુલાકાતો બાબતે પરિવારને જાણ થતાં તેઓએ દીકરીને વારંવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કિશોરી ન માનતા આખરે પરિવારે લિંબાયત પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે મામલાની ગંભીરતા જોઈ કિશોરીને નારી સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપી હતી. જ્યાં સંરક્ષણ ગૃહમાં તપાસ અને મેડિકલ પરીક્ષણ દરમિયાન સગીરા ગર્ભવતી (પ્રેગ્નન્ટ) હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ હકીકત સામે આવતા જ પરિવારજનો પગ તળેથી જમીન ખસી ગઈ હતી.